Gujarati

# તાવ (ફીવર) વિષે સલાહ પત્રિકા

## 5 વર્ષ કરતાં નાના બાળકોના માબાપો (પેરન્ટ) અને કેરર્સ માટે સલાહ

December 2016
Kent, Surrey & Sussex
Version

South East Clinical Networks
Children and Young People

ફ્રેન્ડ્સ
સલામતી
સહયોગ

બાળકનું નામ ........................................................ ઉંમર................. તારીખ / સલાહ આપેલ સમય ........................................

વધારે સલાહ / અનુવર્તી (ફોલો અપ) ........................................................................................................................................

ધંધાધારીનું (પ્રફેશનલ) નામ ........................................................................................ધંધાધારીની સહી

## તમારા બાળકને કેમ છે? (ટ્રેફિક લાઈટ એડવાઈસ)

**લાલ**

જો તમારું બાળક:

- જગાડવાનું મુશ્કેલ બનતુ હોય
- ફીકકો અને કઢંગો (ફ્લોપિ) બન્યો હોય
- શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય
- ફિટ આવેલ હોય અથવા રિસાળ અથવા જયારે સ્પર્શ કરતા ચીઢિયુ બને
- ફોલ્લી હોય કે જે દાબવાથી જતી રહેતી ન હોય (જૂઓ પાછળના પાને 'ગ્લાસ ટેસ્ટ')
- 3 મહિનાની અંદરનું હોય અને કારણ વગરનો તાવ હોય
- કાબરચીતરા દેખાવ સાથે ઠંડા હાથ અને પગ હોય
- > 18 કલાકોથી નેપ્પિ ભેજવાળી અથવા પેશાબ કર્યો ન હોય

તમને તાકીદે મદદની જરૂર
કૃપા કરી ફોન કરો **999**
અથવા સૌથી નજીકની
હોસ્પિટલ ઈમર્જન્સિ **(A&E)**
ડિપાર્ટમેન્ટમાં જાઓ

**પીળા**

જો તમારું બાળકની:

- તબિયત બગડતી હોય અથવા જો તમે ચિંતિત બનો
- નિર્જલીકરણ જેવું હોય (સુકૂ મોં, બેસી ગયેલ આંખો, આંસૂ નહિ, બેસી ગયેલ ખોપરી,/ બેબિના મસ્તક કે માથા ઉપર સુવાળુ સ્પોટ, ઘેનમાં, અથવા ખૂબજ થોડી ભીની નેપ્પિઝ અથવા સામાન્ય કરતાં ઓછો પેશાબ)
- પારાસિટિમોલ અથવા આઈબૂપ્રોફેનના પ્રતિભાવની નિષ્ફળ સ્થિતિ
- 3-6 મહિનાનું અને તાવ હોય

તમારે સંપર્ક કરવાની જરૂર છે
ડોકટર અથવા નર્સનો આજે
કૃપા કરી તમારી **GP**
સર્જરિ અથવા ફોન
NHS 111 - ડાયલ 111

**લીલા**

- જો ઉપર જણાવેલ લક્ષણોમાંનું કોઈ દેખાતુ ન હોય તો, મોટા ભાગના તાવવાળા બાળકોનું ઘરે સલામતરીતે પ્રબંધ થઈ શકે.

સેલ્ફ (સ્વયં) કેર
પાછળના પાને આપેલ
સલાહનો ઉપયોગ કરી તમે
તમારા બાળકની સંભાળ ઘરે રાખી
શકશો.

## થોડાંક ઉપયોગી ફોન નંબરો (તમને કદાચ અહીંયા અમુક નંબરો ઉમેરવાની ઈચ્છા થઈ શકે)

**GP સર્જરિ**
(અહીંયા નંબરની નોંધ કરો)

**NHS 111**
ડાયલ **111**
(અઠવાડિયાના 7 દિવસે 24 કલાક મળી રહે)

**સ્કૂલ/ નર્સ / હેલ્થવિઝિટર ટીમ**
(અહીંયા નંબર નોંધ કરો)

**ઓનલાઈન એડવાઈસ માટે: NHS Choices www.nhs.uk** (અઠવાડિયાના 7 દિવસો 24 કલાક મળે છે)
**ફેમિલિ ઈન્ફર્મેશન સર્વિસ:** બધાજ વિસ્તારોમાં ઓનલાઈન સર્વિસ – સેવા હોય છે કે જેની રચના સ્થાનિક કાઉન્સિલોએ કરી ફેમિલિ માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

જો તમને તરજૂમા અથવા ભાષાના સપોર્ટની જરૂર જણાય, તો કૃપા કરી તમે જે સ્ટાફના સભ્ય સાથે વાતચીત કરો છો તેઓને જણાવો

ફીડબેક આપવા અથવા વધારે માહિતી માટે કે જેમાં આ દસ્તાવેજની વધારે નકલો કેવી રીતે મેળવી શકાય તે માટે (કૃપા કરી રેફ: **F1**) કવોટ કરો) અમારી પાસે સાઉથ ઈસ્ટ ક્લિનિકલ નેટવર્ક વિસ્તાર માટે એક મેઈલ બોકસ છે (Kent, Surrey and Sussex). કૃપા કરી ઈમેઈલ કરો: CWSCCG.cypSECpathways@nhs.net

# તાવ (ફીવર) વિષે સલાહ પત્રિકા

5 વર્ષ કરતાં નાના બાળકોના કેરર્સ અને માબાપો (પેરન્ટ) માટે સલાહ

December 2016
Kent, Surrey & Sussex Version

South East Clinical Networks
Children and Young People

મોટા ભાગના તાવવાળા બાળકો ખૂબજ જલદીથી સારા થતા હોય છે પણ અમુકના સ્વાસ્થય બગડી શકે. તમારે નિયમિતરીતે દિવસ અને સમગ્ર રાતના સમયે તમારા બાળકની તપાસ કરી અને નીચે આપેલ સલાહ અનુસરવી જોઈએ.

## તમારા બાળકને મદદરૂપ બનવા તમે કરી શકો તેવી વ્યવહારુ હકીકત- બીના

- **તમારા બાળકની તબિયત સારી થાય છે તેની રાત દરમિયાન તપાસ કરો (પાછળના પાનાની ટ્રેફિક લાઈટ સલાહ અનુસરો).**
- જો ફોલ્લીઓ જૂઓ તો "ગ્લાસ ટેસ્ટ" કરો (નીચે માર્ગદર્શન જૂઓ)
- તમારા બાળકમાં સુધારો ન થતાં જો તમે ચિંતિત બનો તો આ પત્રિકાના આગળના ભાગની સલાહ અનુસરો
- તાવવાળા બાળકોને ઓછા અથવા વધારે કપડાં પહેરાવવા નહિ
- **નિયમિતરીતે તમારા બાળકને પીણા આપો ( જ્યાં બેબિ સ્તનપાન કરે તે માટે સૌથી યોગ્ય પ્રવાહી બ્રેસ્ટ મિલ્ક છે.)**
- જો તમારા બાળકનું ઈમ્યૂનાઈઝેશન્સ (રોગ પ્રતિરક્ષણ) અપેક્ષિત હોય તો તમારા GP, પ્રેક્ટિસ નર્સ અથવા હેલ્થ વિઝિટરની સલાહ મેળવો કારણકે તેઓની એપોઈન્ટમેન્ટમાં વિલંબની જરૂર નથી.
- જયારે તમારું બાળક અસ્વસ્થ બને અને તાવ હોવાથી જો તમને તેને નર્સરિ કે સ્કૂલમાંથી દૂર રાખવાની જરૂર જણાય તો સ્કૂલ અથવા નર્સરિને જણાવો – તમારા હેલ્થ વિઝિટર, પ્રેક્ટિસ નર્સ અથવા GP જો તમે અનિશ્ચિત હો તો તમને સલાહ આપી શકે.

## મદદ માટે દવાઓનો ઉપયોગ

- જો તમારું બાળક પીડામાં અથવા ખૂબજ અસ્વસ્થ હોય, તો તમે દવાઓનો ઉપયોગ કરી શકો (પારાસિટિમોલ અથવા આઈબ્રૂપ્રોફેન) જેથી તેઓ વધારે સ્વસ્થ બને. જો કે તે હંમેશા જરૂરી હોતુ નથી.
- બન્ને દવાઓ એકજ સાથે (પારાસિટિમોલ અને આઈબ્રુપ્રોફેન) આપશો નહિ. કોઈ એકનો ઉપયોગ કરતા, અને તમારા બાળકમાં સુધારો ન થાય તો, 2-3 કલાકો પછી તમને બીજી દવા આપવાનો પ્રયત્ન કરવાની ઈચ્છા થઈ શકે.
- **કૃપા કરી દવાની માત્રા (ડોસ) અને વારંવારતા માટે બોટલ ઉપરની સૂચના વાંચશો.**
- અથવા દવાઓ વિષે વધારે સલાહ માટે તમે તમારા સ્થાનિક (લોકલ) કમ્યૂનિટિ ફાર્મસિસ્ટને પૂછી શકો.
- પેઈન (પીડા) અથવા તાવ માટે બાળકોની સારવાર માટે એસ્પ્રિન **(Aspirin)** આપવી નહિ.

## ધ ગ્લાસ ટેસ્ટ

જો તમારા બાળકને ફોલ્લીઓ- અળાઈ થયેલ હોય તો, "ગ્લાસ ટેસ્ટ" કરશો. ફોલ્લી સામે કઠણ કે સ્થિરપણે ગ્લાસને ટમ્બલર દબાવો. જો તમને ગ્લાસ કે કાંચ મારફતે સ્પોટ કે મેશ- કાજળ જોઈ શકો, અને જયારે તમે ચામડી ઉપર ગ્લાસને દબાવો ત્યારે તે દેખાતુ બંધ ન થાય, તો પછી આને "નોન-બ્લાન્ચીંગ રેશ" કહેવાય. જો તમે આવા પ્રકારનો રેશ જૂઓ તો તાત્કાલિક મેડિકલ સલાહ મેળવવાનો પ્રયત્ન કરશો. આવો રેશ કાળી ચામડી ઉપર જોવાનું મુશ્કેલ બને, તેથી ઝાંખા વિસ્તારોની તપાસ કરો, જેમકે હાથની હથેલી, પગના તળિયામાં અને પેટમાં



ફોટોઃ મેનિનજાઈટિસ રિસર્ચ ફાઉન્ડેશન 2013 ના સૌજન્યથી

આ માર્ગદર્શિકા નીચેના સંદર્ભમાં લખાયેલ છેઃ આ દસ્તાવેજના મળી રહેલ પુરાવાની સંભાળપૂર્વક વિચારણા બાદ નિર્માણ કરવામાં આવેલ છે. પણ તેમાં સમાવેશ થાય છે પણ નહિ અનન્યપણે NICE, SIGN, EBM ડેટા અને NHS પુરાવાને લાગુ પડે મૂજબ હેલ્થકેર પ્રફેશનલોએ તેઓનો ક્લિનિકલ નિર્ણય લેતા પહેલાં તેને સંપૂર્ણ ખ્યાલમાં રાખવામાં આવ્યો હતો. આમ છતાં પણ હેલ્થકેર પ્રફેશનલ્સને સંજોગો મૂજબ યોગ્ય નિર્ણય લેવામાં તેઓની અંગત જવાબદારીને રદ કરતા નથી.